સાલ મુબારક સંગ્રહ.

નવાં સાલ તેમજ શાલગરેહને દિવસે મોકલવા લાયક

કવિતાઓ તેમજ લખાણોનો એક સંગ્રહ.

લખનાર :

'રફીક'

દોસાભાઈ ફરામજી લંગરાના

તે એલમચોર, એશીઆ યુરોપની પ્રતિષ્ઠિત બાનુઓ વિ૦ ના કર્તા.

પ્રગટ કરનાર :

જેહાંગીર બી૦ કરાણીના છોકરાઓ

પારસી બજાર, કોટ, મુંબઈ.

ધી "એલેકઝાન્ડરા પ્રીંટીંગ પ્રેસ" માં છાપ્યું છે.

સાલ મુબારક સંગ્રહ.

ભલો દિન આજનો તમને સદા આમિન ભલે હોજો !
મુબારક આજની તમને તમારી સાલગરેહે હોજો !
ખુદાને બાર જે આજે હું માંગું છ તે મળે તમને !
દુવા આજે ખરાં દિલની જે ચાહું છ તે ફળે તમને !

નવાં તુંજ વરસનો જહાં દિવસ છે આય,
તહાં બે ચાર મુજ બોલથી કાંઈ હૈયું ભરાય ?
જબાં હોય હજાર તો તે બધી બોલી,
તે દાદારની દરગાહે દુવા બોલી;
માંગું તુંજ સારૂં હું સુખને કરાર,
જશવંતી જીંદગી—રોજી બેશુમાર.

તમારી સાલગરેહ આજે,
ખુશાલીમાં ભલે ગાજે;
તનો મનનાં સુખોની સાથ,
ખુદા ધનથીબી નીવાજે.

ગગનની આજે ચમકબી ઔર છે,
ચમનમાં બુલબુલોનોબી શોર છે,
જહાં જુવો તહાં ખુશીનો દોર છે,
જુવોની સાકીનોબી શું તોર છે,
ગુલોબી આજે દહન સૌ ખોલી,
ચમન ગજાવેછ દુવાઓ બોલી.

ઝમક આજે ગગનની જો!
ચમકખી તું ચમનની જો!
ગોયા સૌ ખલ્ક મલી સાથે,
બોલેછ વાણી સગણની જો!

સરસ આ મહીનો ને રોજ આજે,
તમારી સાલગરેહ શુભ બીરાજે,
ખુદા તનો મનનું સુખ નીવાજે;
હસી ખુશીથી સદા તે ગાજે;
ભલી ભલૈથી ભરેલી રહે તે,
સરસ સુખોથી ઠરેલી રહે તે,

ચમનમાં ઉઠી પુકારી નરગીસ,
ન બેસો ગાફીલ કોઈ આજ હરગીજ,
ગુલાબો સૌશન સૌ ભોલી ભાલી,
ખુશી મનાવો—ન એકબી ડાળી-
હરખનાં હૈયાંથી રહે નીરાળી,
દુવાઓ બોલો—"અમારો વાળી,
સદા સુખી રહે!—ખુશી ખુશાલી-
થી ઘર તેનું રહે ન ખાલી."

દિવસને કહો આજ ન થાય ચેડો,
સુતેલાં સુખને ઊઠાડી છેડો,
ખુશીને આજ બાપુકાર તેડો,
શરાબે વસ્લની ધાર રેડો.

ભલી સૌ ઉમીદો મુરાદો હજાર,
બર આવે તમારી, સુખી રહો અપાર.

હજાર તંદરૂસ્તી, સુખ શાંતી મળો,
દુવાઓ જે માહારી તે ચહાંયી ફળો.

મધુરાં ગુલ ફેલાવો આજ ભલી દુવાઓનો બેહકાત,
બોલો મુબારકબાદીનીજ આજે બુલબુલો બસ વાત,
પવન લ્હેકી મધુર બ્હેકી સીતારી તું સરોદે ગા,
કે દોસ્તને ઘેર સદા પમરે સુખ શાંતીનો ખુશ પમરાત.

ઉડ પ્યારાં પખેરાં ઉડી તું પુગ,
મજ પ્યારાના હાથમાં આ પરબીડું મુક,
ને કેહે તેને વાંચે આ પયગામ ખોલી,
મેં લખીછ જે સાચ દીલથી દુવા-બોલી;
ફસ્તેહની જહાજ અને નિતી પતવાર,
નેકી નાખુદા ને સંતોષ સીંગાર,
એ સર્વને લઈ સાથ સુલક્ષણ વિચાર,
કર તુફાની દુન્યાનો દર્યો પસાર,
મજ આશિશ છે એજ.

તમો પામજો જય નવાં સાલમાં,
મચી રેહો દેશ ખેશનાં વ્હાલમાં;
ઉમીદો તમારી ચહાયી ફળો,
ભલા લાભ આ સાલ તમને મળો;
અહુરમજદ આરામ નિત આપજો,
તમારાં કુલે કષ્ટ તે કાપજો;
સુખી જીંદગી ભોગવો માનની,
દુવા એજ 'રફીક'નાં છે અરમાનની.

શુભ કામે શુભ નામ મુબારક,
આ સાલની નેક જામ મુબારક,
રૈશન રોજ ઐયામ મુબારક,
સુખ સપંજનું ધામ મુબારક.

ખુદા આપજો તમને રાહત ભલી,
સગાં સ્નેહી સાથીની ચાહત વળી;
ટળી રંજ સરથી જાય આફ્ત ઢળી,
ફળે નેક ઉમીદ, શુભ મુરાદો મળી.

ફુલ ખીલી બુલબુલ બની ગુલજારમાં તું રહે,
સુખ અને શાંતી સહીત સંસારમાં તું રહે;
જશ સદા જામી ભલી ચકચારમાં તું રહે,
રહી એબાદતમાં, ભલા અવતારમાં તું રહે;
છદ્દોતેરનું સાલ આ બેસ્તું સદા ફળે,
દર્દ નાસે દુર, મળે લક્ષમી ને દુઃખ ટળે.

..

પરવરની ઉત્તમમાં ઉત્તમ બક્ષેશ,
તારી થાય! મારી છે દુવા ખાલેસ;
ઘણું જીવી જીંદગીમાં જશ જામજો,
જહા, હશમત દોલતબી મસ પામજો.

આ સહવારે આસમાનમાં,
જેમ નુરી છાંપી રહે,
તેમ જગત અચવાનમાં,
તું જ જીંદગી સુખદાયી રહે.

જેમ શોભે ગુલની કળી તેનાં દરખ્તની ડાળપર
જેમ શોભે ગાણું બજાણું તબલાંઓની તાલપર.
જેમ શોભે કાળો મસો જો કોઈ ગુલાબી ગાલપર.
જેમ શોભે કંકુ તિલક હિંદવાણીનાં કપાલપર,
તેમ દિપે દિન આજનો રહી હરખુશીમાં હલમળી,
સાલ આ બેસ્તું ફળે તમને બુલંદ બખ્તે વળી.

રહે રબ આજે બુલબુલને ચમન આસ્યાન મુબારક;
ખિલેલી તે કળી ગુલને ભલે બોસ્તાન મુબારક;
ખુદાની કુલ ખલ્કતને બને આમિન ખુશી ખુરમી,
સેતારા ચાંદ ખુરશીદનેબી સુખ—આસ્માન મુબારક;
નવે આ સાલ, ખુલે યકબાલ, ફલે ઉમિદ દરખ્તની ડાળ
ટળી રંજ ગમ અલમ, ને રહે ભલો અરમાન મુબારક!

સુખ સંપને શાંતિમાં સામિલ રહો!
ભલું ચાહી ભલાં કામમાં કામિલ રહો!

ધંન દાહાડો ને ધન ઘડી શુભ 'સબકતો વાર,
બાર સીતેર આંઠની ખુશરંગ ખિલી સંત્સર;
ખુશરંગ ખિલી સહવાર ને ગુલ થયું હર્ષિત,
બુલબુલ એવું ગેલ કરે—જાણે બોહયું ચિત્ત;
તે જોઈ ગુલઝારમાં જામી રહી ચકચાર,
"સાલ બને આમિન!" એમ એકમત થયો પુકાર;
એકમત થયો પુકાર કે 'જેમનો આ નૌરોજ,
તેમને ત્યાં સુખ શાંતિ ને આબાદી હરરોજ.'

ખુશ ખુશાલીથી આ સાલ ગાજે,
સદા સુખ ને શાંતિથી તમને નવાજે.

દોસ્ત! જોની નુર કેવું છાંયું છે આસમાનમાં,
જો, ગુલાબી ગુલ કેવાં ઝુંકે છે ગુલિસ્તાનમાં;
ચલ્યાં જો ચીંચીં કરે છે થૈ મસ્ત ખુદાનાં ધ્યાનમાં,
લ્હેકીબી પું કે છે હવાની જો સંરોદી તાનમાં;
નાજ નરગીસ નયણમાં, સોશનની જબાનમાં–
સરસરે છે ભકિત ખુદાની, સૌ ખુશી હરઆનમાં.
એ બધી ખુશનુદી આમીન! દોસ્ત, તને આ સાલમાં,
નેક ચાલમાં, ખુશ હાલમાં, અત્ફાલમાં, યકબાલમાં.

યા પરવરદિગાર!

માંગું તુંજ પાસે હું જોડીને કર,
રાખજે મુજ વ્હાલાંપર તારી નજર,
જર આપજે થોડું, પણ સુખમાં કસર–
ના રાખતો, ના પોંહોંચાડતો તેમને ઝરર.

મુબારક આ રોજ ને મુબારક આ માહ,
સબકતાં આ સાલની મુબારક પનાહ.

તમને હું ચાહું આ નૌસાલ સારૂં,
રજખ રોજી સાથે ખુશ યકબાલ સારૂં.

ખુદા પાસે માંગું હું એટલુંજ બસ,
ભલાઇમાંજ જીવો ત્યાં જીતીને જશ.

માતાપીતાની આબરૂ અને ધરમ પર ધ્યાન,
ખેશ કુટુંબે સંપથી બહુ બહુ પામજો માન.

શુભ નવું આ સાલ બેસે જરથોસ્ત પરસ્તારનું,
ઝલઝલી ઝમકી રહે સાલ સોહામણું સંસારનું;
બાગમાં બાદે સબ્હાએ આવીને આપી ખબર,
ગુલ સમજ આ સાલ બેકું બુલબુલ વફાદારનું;
વાદલો વિખરે ફલકથી ફિરેસ્તાઇ થયો પુકાર,
રહો બધાં અમનો અમનમાં પુર ખુશી, પુર સુખ કરાર.

બની બુલબુલ, ચમનનું ફુલ, સુખોની જામ ભરો હંમેશ,
દફે દુઃખ દમ, કરી ગમ કમ, તે રબતું નામ ધરો હંમેશ.

ઘરની આબાદી મન શાંત અને સ્થીર,
રગે વહે નરમીનું નરમ રૂધીર,
શત્રુ તુંજ નાહાસે જેમ છુટેલો તીર,
સંભાળમાં તારી રહે પેગમ્બર પીર,
મજ ચાહાતું છે એજ!

ચંદરની ચાલ અને આફતાબી રાહ,
ભાગ્યવંત ગરેહની તુંજ પર નિગાહ,
તારાની રાહબરી પરવરનો ચાહ,
આપે ફલક આશિરવાદી પનાહ,
મજ દુવા છે એજ.

ભલાંઓની ભલાઇ દેખતું બેસે નવું આ સાલ,
તરરો તાજગી ખુશાલી વેરતું બેસે નવું આ સાલ,
તનની તંદરોસ્તી તેરતું બેસે નવું આ સાલ,
સરસ સૌ સુખને છ છેરતું બેસે નવું આ સાલ.

તનો મનની તાજગીથી આમેજ રહો
સુખ સંપજ આબાદીની સાથેજ રહો,
ભલાં નામો કામથી ભરો જીંદગી,
ખુદા કાપી રંજ આપે રાહત વળી.

શાકી ભર જામ તું ઝલાઝમ તમામ,
આજ રોજે રબનું લઇ મુબારક નામ,
તન શીશાને સુખના શરાબથી ભરી,
કર અર્પણ આ વાંચકને નમન કરી.

ગુલે ગુલાબી, આફતથી ખાલી, દુઃખોને બાળી, જાય નૌસાલ ય્હે,
રંગીલો માળી, બનાવી ડાળી, હરખ ઉછાળી, ચાહે નૌસાલ ય્હે.

સદા આસમાનની મુબારક પનાહ,
જમીન ને જમાનાની તમપર નીગ્રાહ–
મુબારક રહે જીંદગીમાં ભલી,
હસ્તી હલ્યારીમાં રહો હલમલી.

શુભ કામે શુભ નામ મુબારક,
આ સાલની નેક જામ મુબારક,
રૌશન રોજ ઐયામ મુબારક,
સુખ સપંજનું ધામ મુબારક.

જે હેતથી મોકલું છ આ નજીવી ચીજ,
તેજ હેતથી કબુલી રહેજે મનરીજ,
સુખ અને શાંતી ને બુલંદ તાલે,
જીંદગીમાં આવે તમારે ફાલે.

નવીન રોજ આજ, દફે દુઃખ દાજ, સુખોનો સાજ, મળો હંમેશ,
નવીન આ સાલ, તપો યકબાલ, ફલકની ફાલ, ફળો હંમેશ,
વધો નેક-ખાહ, જુવો નેક રાહ, બુરા બદખાહ, જળો હંમેશ,
મિસાલે ગુલ, ખીલી રહો ફુલ, ભવિષની ભૂલ ટળો હંમેશ.

આજે મુબારક હું આ સાલ ચાહું,
ખુશી ખુરમી તમને હું આ સાલ ચાહું,
તને તંદરોસ્તી હું આ સાલ ચાહું,
ભલું જે બધું તે હું આ સાલ ચાહું.

સુંદર સાજે, વાજે ગાજે, થાય તમને આ સાલ મુબારક,
દુસ્મન લાજે, દોસ્ત નિવાજે, ફળવંતી રહે ફાલ મુબારક;
ફત્તેહ જહાજે, માન મલાજે, ચંદરની રહે ચાલ મુબારક,
સુખને સાજે, દુખને દાઝે, રહો સદા ખુશહાલ મુબારક.

ચમનમાં બહાર જુવો,
ખિલતો ગુલજાર જુવો,
ગુલને નીસાર જુવો,
નોરોજના નાજ પર.
પુર સુખ કરીર જુવો,
રોજી રોજગાર જુવો,
ઉમીદ ફળદાર જુવો,
નોસાલના સાજ પર.

બારીથી આવતી સુરજની રજાલ,
ખુશ મુખડે પુકારેછ ફળજો નેક ફાલ;
દવનાં તે ટીપાં—મોતી મિસાલ,
ચમકતે ચ્હેરે ચાહેછ મુબારક સાલ.

દોસ્ત જોની કેવી સુરખીથી ચમકયું છ આસમાં,
આજ સવારે ગુલ ખીલી બુલબુલ મચાવે બેસતાં;
ધન દીવસ એ આજનો રહે મુબારક હલમળી,
ગુલકળી દીલની ખીલી તું જને ફળે સાલ શાદમાં.

સુખ સંપ ને શાંતીને લેઈ હાથમાં હાથ,
ઘણાં સાલ ભોગવો જન ફરજંદની સાથ.

રેહો ખુશાલ!
સબકતાં આ સાલની ફળો નેક ફાળ,
ઢળી જઇ ગમી, ફળે ઉમીદ ડાળ.

ગુલાબી ગુલ તું, સોહામણું ફુલ તું, તહારો પમરાટ ફેલાવ આજે,
નુરેમંદ નરગીસ, છુપા ન હરગીજ, તહારો મરડાટ બતાવ આજે,
ચમનનાં બુલબુલ ગમનમાં મશગુલ, નવીન આ સાલની નવીન ફાલે,
ખુશીને માની, તરજ એક તાણી, તહારો તડખાત મચાવ આજે.

ખુશ રહો, દીલખુશ રહો, મનસે મચી આ સાલમાં,
જશ જાલમાં, ખુશ ખ્યાલમાં, સચવૈ વ્હાલાંના વ્હાલમાં.

સુંદર સાજે, સુંદર કાજે, ઘરને રહો રાજે મુબારક,
સુંદર નાજે, વાજે ગાજે, સરને રહો તાજે મુબારક;
સાલ મુબારક, હાલ મુબારક,
રૌશન રહે યકબાલ મુબારક,
ફલવંતી રહે ફાલ મુબારક,
રૌશન બખ્ત અતફાલ મુબારક.

ફુલોની ટોળી દરખ્તે ડોળી
જબાંઓ ખોલી દુવાઓ બોલે:
'સદા ચમનમાં અમનો અમનમાં ખુદા કરે રહે અમારો માળી,
ખુદા કરેને અમારો માળી, ઘડી ન જુવે એકુબી કાળી.
રહે વજાડી ખુશીની તાળી,
દફે કરી દુઃખને રંજ ટાળી,
રહે ચયનથી ખુશીને પાળી.'

બુલબુલની બોલી ને ફુલનો પુકાર,
નરગીસનાં નખરાં ને ગુલનો મ્હેકાર,
સંપજનું સંબુલ સોશનનો સીંગાર,
મોઘરાંની લંપટ ને ખિલતો ગુલ્ઝાર,
એ તારૂં સૌ થાઓ!

•

ધન દાહાડો ને ધન ઘડી, નવું મુબારક સાલ,
બાલ ને ગોપાલ સાથ ફળજો એ નેક ફાલ,
સપટેમ્બરનો તેર તણો રવી સબકતો વાર,
ઓગણીસસોને આંઠની ખુશરંગ ખીલી સ'વાર;
પ્યાર સુખ સંપ જશ અને લાભ વચનનો એક,
સાલ નવે શુભ પામજો, ગ્રહજો ગુણ દરેક.

• • •

નમું હું અશો તે જરાથોસ્તને,
નમું હું તે દીનના ખરા દોસ્તને,
દુવા માંગું દીલથી નમાવીને સર,
મુબારક બને નવાં સાલની સહર,
મુબારક બને આજનો રોજ અને માહ,
મુબારક રહે તમપર રબની નીઘાહ,
મુબારક સુખ શાંતીને રોજી ઘણી,
મુબારક પનાહ રહે બુલંદ બખ્તની.

સાલ મુબારક.

અવસ્તા:—અહ્માઈ રએશચ ખરૅનસ્ચ, અહ્માઈ તન્વો દ્રવતાતૅમ્...અહ્માઈ ઈશ્તીમ પોઉરૂશ–ખાથ્રાંમ, અહ્માઈ આસ્નામ ચિત્ ફ્રજન્તીમ, અહ્માઈ દરૅઘાંમ દરૅઘો–જીતીમ. (ઈજ઼. હા. ૬૮ ફ. ૧૫.)

સાર:—મારા ભલા મિત્રનો ચેહરો ચળકાત અને નુરવાળો હોજો; તેને તંદરોસ્તી હોજો, તેને પુરતાં સુખસાથની દોલત મલજો; તેનાં ફરજંદો ચંચલ અને જાતી બુધ્ધિનાં થજો તથા તે પોતાના કુટુંબ-સહિત લાંબી જીંદગી ભોગવજો.

મારા

ઉપલી અવસ્તાઈ દુવા ખરાં જીગરથી બેસ્તાં નવાં સાલને માટે હું તમોને ચાહતાં ઇચ્છુંછું કે આ નવું સાલ તમને તમારાં જનો ફરજંદ અને ખેશ કુટુંબસહિત મુબારક થાઓ. મુબારક તમારી નેકી અને નીતિમાં, મુબારક તમારા ધંધા વ્યાપારમાં, મુબારક તમારી સ્વતંત્રતા સાથની સત્ય હિંમતમાં, મુબારક તમારા ધર્મ ઉપરના મજબુત યકીનમાં, મુબારક તમારી અશોઇ અને આત્માની વૃદ્ધીમાં, તથા મુબારક હોજો તમારાં તન, મન અને ધનની વૃદ્ધીમાં! અથ જંમ્યાત યથ આફ્રીનામી; હમાજોર હમા અશો બેદ; દેરજી વ શાદજી.

લા૦ દુવાગીર,

રોજ, રોજી બક્ષનાર

દાદાર અહુરમજદ

માહ, મુબારક

ફરરોખ ફરવરદીન.

મારા ....

સાલ મુબારક !

આજનાં બેસ્તાં મુબારક નવાં સાલની ખુશબખ્તીભરી સહવારે, મારૂં ખરાં જીગરનું એવું ચહાવું છે કે તે બારે હક્તાઅલા તમને, તમારાં વ્હાલાં ખેશ કુટુંબ સાથે ખુશ ખુશાલી ભરી લાંબી જીંદગી બક્ષે ! આમીન !

પરવરની ઉત્તમમાં ઉત્તમ બક્ષેશ–
તારી થાય, મારી છે દુવા ખાલેશ;
ઘણું જીવી જીંદગીમાં જશ જામજો !
જાહા, હશમત, દૌલતબી મસ પામજો !
આમીન !

હું છું,
દુવાગીર,

....

રોજ, રોજી બક્ષનાર,
દાદાર અહુરમજદ,
માહ મુબારક,
ફરરોખ ફરવરદીન.

સાલ મુબારક!

મારા ....

ખલકતની ખુશીમાં મારો અવાજ,
મુબારક બોલોમાં ભળું હું આજ,
ગયું તેથી આ સાલ મુબારક ફળો,
ભલું જે ચાહો તે સઘળું મળો.

આજનું બેસતું શુભ નવું સાલ, તમને, તમારાં વ્હાલાંઓને, તમારાં ખેશ કુટુંબને અને તમારા દોસ્ત આશનાવને, તનની દરોસ્તીમાં, મનની શાંતીમાં, ઉમ્મરની દરાજીમાં, અને દૌલતની આબાદીમાં ફળજો, તેમજ દરેક ભલી ઉમેદો જે તમારાં મનમાં ચીતો તે સદા તમારી તાબેદાર થઇ રહે એવી મારી ખરાં જીગરની દુવા તમને આમીન થજો!

હજાર તંદરૂસ્તી, સુખ શાંતી મળો,
દુવાઓ જે માહારી તે ચહાયો ફળો.

"અથ જમ્યાત યત આફ્રીનામી."

લા૦ તમારાં હકકમાં સદા
ભલું ઇચ્છિનાર

....

રોજ મુબારક,
દાદાર અહુરમજદ,
માહ મુબારક,
ફરરોખ ફરવરદીન.

સાલ મુબારક!

મારા ....

શુભ કામે શુભ નામ મુબારક,
આ સાલની નેક નામ મુબારક,
રોશન રોજ અયામ મુબારક,
સુખ સંપજનું ધામ મુબારક.

જત, આજનું આપણું જરથોસ્તીઓનું બેસ્તું સાલ તમને તમારાં વ્હાલાંઓ અને દોસ્ત આશનાઓ સાથે તનની તંદુરસ્તીમાં, મનનાં સુખમાં અને ધનની વૃદ્ધિમાં મુબારક થાય એ મારી સાચાં દીલની દોઆ પરવરદેગાર તમારા હકમાં આમીન કરો!

સદા આસમાનની મુબારક પનાહ,
જમીન ને જમાનાની તમપર નીગાહ—.
મુબારક રહે જીંદગીમાં ભલી,
હસ્તી હશીયારીમાં સદા હલમલી.

તમારાં હકમાં સદા ભલું ઇચ્છનાર,

હું છું,

દુવાગો,

....

સાલ મુબારક.

સાલ ખોજસ્તેહ બાદ, રોજ્ ફરૂરોખ બાદ, માહ મુબારક બાદ; પુત્રવાન, આયુશવાન, લક્ષમીવાન, વૃધીવાન રોજીવાન.

સાર:—તમારૂં નવું સાલ બખ્તાવર થાઓ, નવો રોજ ભાગ્યવંત થાઓ, નવો માહ મુબારક થાઓ; તમારે ત્યાં ધન, દોલત, આયુશ અને પુત્રની વૃધી થાઓ તથા તમારા ધંધા રોજીમાં વધારો થાઓ. આમીન!

મુંજના ....

ઉપલી નેક દુઆ આજથી બેસતાં નવાં સાલ માટે તમને, તમારાં સગાં સ્નેહીઓને તથા દોસ્ત આશનાઓને ખરાં જીગરથી ચાહતાં ઇચ્છુંછું કે આ નવું સાલ તમારા ધંધા વ્યાપારનાં વધારામાં, તમારી નેકી અને નીતિના વધારામાં, ધર્મ ઉપરનાં મજબુત યકીનમાં, મનની શાંતી અને અશોઇના વધારામાં તમોને આગળ અને આગળ વધારી તમારી કીર્તીને ઉંચી ટોંચે પોંહચાડનારૂં નીવડો. આમીન! આમીન!

લા૦ દુવાગીર,

રોજ ૧ લો દાદાર અહુરમજદ,
માહ ૧ લો ફરોખ ફરવરદીન.

રોજ રોજી બક્ષનાર,
દાદાર અહુરમજદ,
માહ મુબારક,
ફરરોખ ફરવરદીન.

મારા ....

સાલ મુબારક !

ખુશ રહો, દીલખુશ રહો, મનસે મચી આ સાલમાં,
જશ જાળમાં, ખુશ ખ્યાલમાં, સચવૈ વ્હાલાંનાં વ્હાલમાં.


સદા સુખી રહો, સદા તંદુરૂસ્ત રહો, તન મન, અને ધને સદા આબાદ રહો! આમીન! .

નોરોજની આજની ખુશાલીની યાદ, ભલા વિચાર, ભલા આચાર અને ભલા ઉચ્ચારથી સદા રોશન રહે એવું મારૂં ચાહવું તે બારે હકતાઅલા આમીન કરો, કેમકે એજ રોશની તમારી આખી જીંદગી દરમ્યાન જેબી સઘળું, સારૂં અને ફાયદા ભરેલું હશે તેજ તરફ તમારી રાહનુમાઇ કરશે.

તમને સદા હસી–ખુશી ભર્યા જોવાને ઇંતેજાર,

હું છું,
તમારા હકમાં સદા
ભલું ઈચ્છનાર,

....



રોજ મુબારક
દાદાર અહુરમજદ,
માહ મુબારક
ફરરોખ ફરવરદીન.

મારા ....

આજનું બેસ્તું નવું સાલ તમને તમારાં વ્હાલાંઓ સાથે તનની દરોસ્તીમાં, મનનાં સુખમાં, ધનની વૃદ્ધિમાં અને ઉમ્મરની દરાજીમાં દરેક રીતે મુબારક થાઓ! તમારી ચાહેલી દરેક ભલી મુરાદોનાં દરખ્તપર મીઠાં ફળ આવો અને તે ફળ ચાખવાને તમોને તે દાદાર એક ખુશખુશાલી અને તંદરોસ્તી ભરી લાંબી જીંદગી બક્ષો! આમીન!

ભલી સઉ ઉમેદો, મુરાદો હજાર,
બર આવે તમારી, સુખી રહો અપાર.

લા૦ ....

સાલ મુબારક.

રોજ મુબારક
દાદાર અહુરમજદ,
માહ મુબારક
ફરરોખ ફરવરદીન.

મારા ....

જત આજનું આપણું જરથોસ્તીઓનું બેસ્તું સાલ તમને તમારાં વ્હાલાંઓ અને દોસ્ત આશનાઓ સાથે તનની દરોસ્તીમાં, મનનાં સુખમાં અને ધનની વૃદ્ધિમાં મુબારક થાય એ મારી સાચાં દીલની દોઆ પરવરદેગાર તમારાં હક્કમાં આમીન કરે! તે કીરતાર તમને બુલંદ દરજ્જાવાળા સરોશની પનાહમાં મુકે, જે સરોશ પોતાનાં પુર જોશ સાથે તમને પુરતો ઝલકાટ, પુરતું નુર, મનનું જોર, તનનું સુખ, તનની ફત્તેહ, સુખવાલી દોલત અને લાંબી જીંદગીની બક્ષેશ કરે! તમારી ચાહેલી ચીતેલી દરેક ભલી મુરાદ અને નેક ઉમેદ દાદાર અહુરમજદ બર લાવે! આમીન!

લા૦ તમારા હક્કમાં સદા
ભલું ઈચ્છનાર,

રોજ, રોજ બક્ષનાર

દાદાર અહુરમજદ,

માહ મુબારક

ફરરોખ ફરવરદીન.

મારા ....

સાલ મુબારક!

આજનાં બેસ્તાં મુબારક નવાં સાલની ખુશ-બખ્તીભરી સહવારે, મારૂં ખરાં જીગરનું એવુ ચહાવું છે કે તે બારેહકતઆલા તમો વહાલા ભાઇને, તમારાં વહાલાં બેશ કુટુંબ સાથે ખુશ ખુશાલી ભરી લાંબી જીંદગી બક્ષે! આમીન!

પરવરની ઉત્તમમાં ઉત્તમ બક્ષેશ
તારી થાય, મારી છે દુવા ખાલેશ;
ઘણું જીવી જીંદગીમાં જશ જામજે!
જાહા, હશમત, દોલતની મસ પામજે!
આમીન!

હું છું,

દુવાગો,

....

રોજ મુબારક,

દાદાર અહુરમજદ,

માહ મુબારક,

ફરરોખ ફરવરદીન.

સાલ મુબારક!

મારા ....

મુબારક આ રોજ ને મુબારક આ માહ,
સબકતાં આ સાલની મુબારક પનાહ.

જત, આજનું આપણું જરથોસ્તીઓનું બેસ્તું સાલ તમને તમારાં વ્હાલાંઓ અને દોસ્ત આશનાઓ સાથે તનની દરોસ્તીમાં, મનનાં સુખમાં અને ધનની વૃદ્ધિમાં મુબારક થાય એ મારી સાચાં દીલની દોઆ પરવરદેગાર તમારા હકમાં આમીન કરો!

સદા આસમાનની મુબારક પનાહ,
જમીન ને જમાનાની તમપર નીઘાહ—
મુબારક રહે જીંદગીમાં ભલી,
હસ્તી હલ્યારીમાં રહો હલમલી.

તમારાં હકકમાં સદા ભલું ઇચ્છનાર,

દુવાગો,

....